ક્રિ.કેસ નં.- ૪૫૬૦૯/૨૦૨૨

<u>આંક- ૧ હેઠળ હુકમ</u>

હાલની ફરિયાદ ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એક્ટ મુજબ આરોપી વિરૂધ્ધ ફરિયાદ સને ૨૦૨૨માં દાખલ કરવામાં આવેલ છે. સદર કામનુ રેકર્ડ જોતા આરોપી ને પ્રોસેસ બજવવાનો તબક્કો કેસ દાખલ થયો ત્યારથી આજદિન સુધી ચાલ્યો આવેલ છે.

સદર કામ આરોપીને પ્રોસેસો કાઢવામાં આવેલ હોવા છતા બજવણી માટે પેન્ડીંગ છે. સદર કામ આરોપીનુ નવુ સરનામુ રજુ રાખવા માટે મુલતવી છે છતા પણ ફરિયાદ પક્ષે આરોપીનુ કોઈ સરનામુ રજુ રાખેલ નથી. ફરિયાદી તથા તેઓના વિ.વ.શ્રી અત્રેની અદાલતમાં આજરોજ પણ હાજર રહેલ નથી. ફરિયાદીને તા. ૧૬/૧૧/૨૦૨૪ના ઠરાવની નવુ સરનામા માટે અને કોર્ટમાં હાજર રહેવા માટે નોટીસ કાઢવામાં આવેલ હોય જે આંક- ૧૩ થી આ કામે રજુ છે તે ઠરાવે પણ ફરિયાદી કે તેઓના વિ.વ.શ્રી કોર્ટમાં હાજર રહેલ નથી અને આજરોજ પણ ફરિયાદી કે તેઓના વિ.વ.શ્રી હાજર રહેલ નથી અને કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. સદર કેસ ઘણો જુનો હોય અને તેમજ આરોપી ને સમન્સ, વોરન્ટ બજાવવાના આજદિન સુધી કોઈ સક્રિય પ્રયત્ન કરેલ નથી. જે સંજોગોમાં જણાઈ આવે છે કે ફરિયાદી ને કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં કોઈ રસ દેખાતો નથી. જેથી ન્યાયના હિતમાં ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૬(૧) ધ્યાને લેતા ફરિયાદી ની સતત ગેરહાજરીને કારણે સબબ ફરિયાદીની હાલની ફરિયાદ કાઢી નાંખવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

તા. ૧૪/૧૨/૨૦૨૪

(ડો. સુપ્રિતકૌર ગાબા)
જ્યુ.મેજી.ફ.ક (ત્રીજી કોર્ટ), સુરત
જજ કોડ નં. જીજે૦૧૬૩૫